સમય મર્યાદા
ડિજિટલ ગુજરાત પોર્ટલ

નં.જિનાની/વિજાક/શિક્ષણ/૨૦૨૧-૨૨/૨૯૨૩
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
(વિ.જા.) બનાસકાંઠાની કચેરી
જિલ્લા સેવા સદન-૨, પ્રથમ માળ,
જોરાવર પેલેસ સંકુલ,પાલનપુર
ફોન નં. – ૦૨૭૪૨-૨૫૩૭૬૧
E-MAIL: ddcw-sjed-ban@gujarat.gov.in
તા. ૦૩/૦૧/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
..........................................................................
મુ ...........................તા ..........................
જિ. બનાસકાંઠા

વિષય:વર્ષ: ૨૦૨૧-૨૨મા કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓના અમલ બાબત(**https://www.digitalgujarat.gov.in)**

શ્રીમાન

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેની કચેરી હસ્તકની રાજ્ય પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની વર્ષ:૨૦૨૧-૨૨ ની અરજીઓ મેળવવા માટે તા.૧૧/૧૦/૨૦૨૧ થી ડિજીટલ ગુજરાત પોર્ટલ ઓપન કરવામાં આવેલ છે. તેમજ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃત્તિની કામગીરી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવેલ છે. તે મુજબ વર્ષ ૨૦૨૧-૨૨ માટે અત્રેની કચેરી દ્વારા અમલીત નીચે મુજબની બે કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ તા.૨૭/૧૨/૨૦૨૧ થી તા.૩૧/૦૧/૨૦૨૨ સુધી Digital Gujarat Portal પર શરૂ કરવામા આવેલ છે.

(૧) ભારત સરકારની ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ
(૨) ડૉ.આંબેડકર આર્થિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ

વધુમાં જણાવવાનું કે, ઉક્ત બન્ને કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં સરકારશ્રીના નિયમોનુસાર સામેલ પત્રક મુજબ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની અરજીઓ મંજુર કરવાની રહેશે. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૮/૦૭/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૨૧૨૯૧/અ.૧ થી કેન્દ્રની અન્ય પછાત વર્ગ ની યાદીમાં સામેલ ન હોય તેવી કુલ ૬ જાતીઓ-રાજભર,કોષ્ટી,સ્વકુલ,સાલી,કાછીયા,ભાડભુંજા અને છિપા ને કેન્દ્ર પુરસ્કૃત શિષ્યવૃત્તિ યોજનાઓનો લાભ આપવા માટે ઠરાવવામાં આવેલ છે. જેથી આ છ જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. તેમજ આ છ જાતિના વિદ્યાર્થીઓ ભારત સરકારનું OBC નું પ્રમાણપત્ર અંગ્રેજીમાં રજુ કરે તે માન્ય રાખવાનું રહેશે.

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ વિકસતી જાતિના તમામ વિદ્યાર્થીના ફોર્મ ઓનલાઇન ભરાવી એકત્ર કરી દરખાસ્ત એકી સાથે જિલ્લા કચેરીમાં ચકાસણી અર્થે રજુ કરવાની રહેશે. સમય-મર્યાદામાં ન આવેલ તથા અધુરી વિગતોવાળી દરખાસ્તો અંગે સંપૂર્ણ જવાબદારી જે-તે સંસ્થાની રહેશે.

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા) બનાસકાંઠા,પાલનપુર

બિડાણ: પત્રક

નકલ સવિનય રવાના:-
(૧) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ
(૨) રજીસ્ટારશ્રી,હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી,પાટણ
૨/- આપના તાબા હેઠળના તમામ વિભાગો તથા કોલેજોને પરિપત્રમાં જણાવેલ સુચનાઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવા જણાવવા વિનંતી છે
(3) રજીસ્ટારશ્રી,સરદાર પટેલ કૃષિ યુનિવર્સીટી,દાંતીવાડ,તા.દાંતીવાડા,જિ.બનાસકાંઠા
૨/- આપના તાબા હેઠળના તમામ વિભાગો તથા કોલેજોને પરિપત્રમાં જણાવેલ સુચનાઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવા જણાવવા વિનંતી છે.

Scanned with CamScanner

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ )S.E.B.C.), વિચરતી-વિમુક્ત જાતિ (N.T.D.N.T.),આર્થિક રીતે પછાત વર્ગ(E.B.C) ની શૈક્ષણિક યોજનાઓની વિગત

પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના:પત્રક -

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર ( માસિક) | ડેસ્કોલર (માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરીવિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | બીસીકે-૮૧-એ<br>ભારત સરકારની ઓબીસીના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | કુમારકન્યા | ગ્રૂપ-એ | ૭૫૦-/ | ૩૫૦-/ | વાર્ષિક આવક મર્યાદા<br>રૂ. ૧,૫૦,૦૦૦/- | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૫૧૦-/ | ૩૩૫-/ | | | |
| | | | | ગ્રૂપ-સી | ૪૦૦-/ | ૨૧૦/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૨૬૦/- | ૧૬૦/- | | | |
| ૨ | ડૉ. આંબેડકર પોસ્ટમેટ્રિક આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ | આ.પ.વ. | કુમાર કન્યા | ગ્રૂપ-એ | ૭૫૦-/ | ૩૫૦-/ | વાર્ષિક આવક મર્યાદા<br>રૂ. ૧,૦૦,૦૦૦/- | | ફક્તસરકારી અને<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૫૧૦-/ | ૩૩૫-/ | | | |
| | | | | ગ્રૂપ-સી | ૪૦૦-/ | ૨૧૦/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૨૬૦/- | ૧૬૦/- | | | |

Scanned with CamScanner